# કુતિયાણાની સુદામા ડેરી ખાતે ઓટોમેટીક સ્વીટ પ્લાન્ટનો થયો શુભારંભ

## દર મહિને સો ટન મિઠાઇનું ઉત્પાદન કરી અમુલ અને સુદામા ડેરી બ્રાન્ડમાં થશે વેચાણઃ ધારાસભ્ય સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં થયું પુજન




કુતિયાણા નજીક સુદામા ડેરીના અદ્યતન સ્વીટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય બાબુભાઇ બોખીરીયાએ કર્યુ હતું ત્યારની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

કુતિયાણા નજીક સુદામા ડેરીના અદ્યતન સ્વીટ પ્લાન્ટનું ધારાસભ્યએ ઉદ્‌ઘાટન કર્યુ ત્યારે એવું જણાવાયું હતું કે અહીં દર મહિને ૧૦૦ ટન મિઠાઈનું ઉત્પાદન કરી અમલ અને સદામા ડેરી બ્રાન્ડમાં વેચાણ થશે. પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુદામા ડેરીના કુતિયાણા સ્થિત પેકિંગ પ્લાન્ટ ખાતે પોરબંદરના અદ્યતન ઓટોમેટીક સ્વીટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ જેમાં પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, પોરબંદર જિલ્લા પ્રમુખ કિરીટભાઈ મોઢવાડીયા, કુતિયાણાના પૂર્વ ધારાસભ્ય કરશનભાઈ ઓડેદરા, પોરબંદર ભાજપ મહામંત્રી અશોકભાઈ મોઢા, નિલેષભાઈ મોરી તેમજ પોરબંદર દૂધ સંઘ સાથે જોડાયેલ દૂધ મંડળીના પ્રમુખ મંત્રીઓ હાજર રહયા હતા અને બાબુભાઈ બોખીરીયા દ્વારા પોરબંદર દૂધ સંઘમાં વધુ દૂધ ભરતી દૂધ મંડળીઓનું સન્માન કરવામાં આવેલ અને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સુદામા ડેરી દ્વારા માસિક ૧૦૦ ટન મિઠાઈનું ઉત્પાદન કરી અમુલ અને સુદામા ડેરી બ્રાન્ડમાં વેચાણ કરવામાં આવશે. જેનો સીધો ફાયદો પોરબંદર દૂધ સંઘ સાથે જોડાયેલ ૪૧૦૦૦ પશુપાલકોને મળશે. અને તેમની આવકમાં વધારો થશે. આ અદ્યતન મિઠાઈ પેકિંગ પ્લાન્ટ પોરબંદર દૂધ સંઘના ચેરમેન ભરતભાઈ ઓડેદરા, વાઈસ ચેરમેન ભરતભાઈ બોખીરીયા તેમજ દૂધ સંઘના ડીરેકટરોને શુભેચ્છા આપવામાં આવી હતી.